# બાંધકામ કામદારો

## કાર્યસ્થળે તમારી સુરક્ષા

યુકે આરોગ્ય અને સુરક્ષા કાનૂન તમે અહીં કાયદેસર કામ ન કરતા હોવ તો પણ તમને સંરક્ષે છે

બધા બાંધકામ કામદારોને જ્યાં તેઓ કામને કારણે ઇજા ન પામે તેવી જગ્યા એ કામ કરવાનો હકક છે

તમારા નિયોક્તતા અને સાઇટ પરના મુખ્ય ઠેકેદાર તમારા આરોગ્ય અને સુરક્ષા માટે જવાબદાર છે, પણ તમારે તમારી પોતાની અને તમારા નિયોક્તાની જવાબદારીઓથી જાગૃત રહી મદદ કરવી જોઇશે.

ગ્રેટ બ્રિટનમાં આરોગ્ય અને સુરક્ષા કાનૂન અમલમાં મૂકાવવા સરકારી એજન્સી, હેલ્થ એન્ડ સેફટી અક્ઝિક્યુટિવ (HSE) છે.

આ વેબસાઇટ દરિયાપારના બાંધકામ કામદારો અને એમના નિયોક્તાઓને બ્રિટિશ આરોગ્ય અનુ સુરક્ષા કાનૂન હેઠળની એકની ભૂમિકાઓ ખને જવાબદારીઓ સમજવા મદદ કરે છે.

જો તમે દરિયાપારથી આવી અહીં કામ કરતા હોવ, તો આ વેબ સાઇટ તમને મદદ કરશે :

- આરોગ્ય અને સુરક્ષા કાનૂન હેઠળ તમને તમારા હકકો અને ફરજો અંગે જાણકારી મેળવવા; અને
- તમારા મૂળભૂત હકકો, સારી પદ્ધતિ, કાનૂની ધોરણો અને કામની શરતો સહિત આરોગ્ય અનુ સુરક્ષા પરની માહિતી મેળવવા.

જો તમે નિયોક્તા કે મુખ્ય ઠેકેદાર છો તો આ વેબસાઇટ તમને એવા કર્મચારીઓ જેઓ અંગ્રેજી બોલી શકતા નથી તેમને માટે લેખિત માર્ગદર્શન પૂરૂં પાડવા સમર્થ બનાવશે.

..........................

જો તમે તમારી સાઇટ પર તમારા આરોગ્ય અને સુરક્ષા અંગે ચિંતિત હોવ તો તમારા નિયોક્તા, મુખ્ય ઠેકેદાર અથવા સુરક્ષા પ્રતિનિધિ સાથે વાત કરો. જો તમે હજી પણ તમારી સાઇટ પર તમારી  સ્થિતિ અંગે ચિંતિત હોવ તો તમે હેલ્થ એન્ડ સેફટી અક્ઝિક્યુટિવ (HSE) નો સંપર્ક સાધી શકો છો.

કોઇકની સાથે ગુજરાતીમાં વાત કરવા અમારી હેલ્પલાઇનને – *0207 556 2181* પર કોલ કરો.

કૃપા કરી નોંધ લો : આ નંબર પર કરાએલા બધા કોલ ગુપ્ત છે અને જો તમે ઇચ્છતા ન હોવ તો તમારે તમારૂં નામ આપવાની જરૂરી નથી.
વૈકલ્પિક રીતે તમે તમારી ફરિયાદ અથવા પૂછપરછ સાથે અમને ઇમેઇલ કરો :desi@hse.gsi.gov.uk

............................

જો તમને કાર્ય પર અન્ય સમસ્યાઓ અંગે માહિતી જોઇતી હોય તો – ઉદા હરણ તરીકે, વણચૂકવાએલ વેતનો, લાંબા કલાકો, અથવા રજાઓ અને માંદી ચૂકવણી – તો ખાસ પે એન્ડ રાઇટસ હેલ્પ લાઇનને **0800-xxx-xxx (number TBA)** પર કોલ કરો.

## દરિયાપારથી આવીને માટે ગ્રેટ બ્રિટનમાં કામ કરવું

આરોગ્ય અને સલામતી વહીવટકર્તા (HSE), અને સ્થાનિક સત્તાતંત્રો ગ્રેટ બ્રિટન (GB) માં આરોગ્ય અને સલામતી કાનૂન અમલમાં મૂકવા જવાબદાર છે. દરિયાપારના કામદારો અહીં કાનૂની રીતે કામ કરતા હોય કે ના કરતા હોય તો પણ તેમને માટે કાયદામાં રક્ષણની જોગવાઈ છે.

આ વેબસાઈટ, દરિયાપારના કામદારો અને તેમના નિયોકતાઓને બ્રિટીશ આરોગ્ય અને સલામતી કાયદા હેઠળ તેમની ભૂમિકા અને જવાબદારીઓ સમજવામાં મદદ કરશે.

દરિયાપારથી આવીને તમે અહીં કામ કરતા હોવ, તો આ વેબસાઈટ તમને નીચેના માટે મદદ કરશે:

- આરોગ્ય અને સલામતી કાયદા હેઠળ તમારા હકો અને જવાબદારીઓ અંગે જાણકારી શોધવા; અને
- કામકાજના કલાકો, આરામ માટે વિરામ તથા રજાના દિવસો જેવા કામ અંગેના તમારા મૂળભૂત હકો અને શરતો સહિત આરોગ્ય અને સલામતી અંગેની માહિતી શોધવા.

તમે નિયોકતા હો, તો આ વેબસાઈટ તમને નીચેની બાબતો શોધવામાં મદદ કરશે:

- હંગામી અને દરિયાપારના કામદારોને કામે રાખો ત્યારે સારી પ્રેક્ટિશ; અને
- તેઓના પ્રત્યે તમારી કાનૂની જવાબદારીઓ.

### અન્ય ભાષાઓ

આ સાઈટના અમૂક ભાગો બીજી ભાષામાં ઉપલબ્ધ છે. તમને જોઈતી ભાષા પસંદ કરવા વિનંતી

- પોલિશ
- લિથુઆનિયન
- સ્લોવાક
- પોર્ટુગીઝ
- રશિયન
- એસ્ટોનિયન
- બલ્ગેરિયન
- રોમાનિયન
- હંગેરીયન
- ચેક
- યુક્રેનિયન
- લેટવિયન
- ચાઈનીઝ
- સ્થળાંતરિત લોકોનું ઘર
- આ સાઈટ અંગે
- કામદારો માટે સલાહ

---

o કામદારોને વધુ મદદ
o કામદારો માટે ઉપયોગી સંપર્કો

વારંવાર પૂછાતા પ્રશ્નો

## આ વેબસાઈટ અંગે

આરોગ્ય અને સલામતિ વહીવટકર્તાની કામદાર વેબસાઈટ, દરિયાપારના કામદારો અને તેમના નિયોકતાઓ માટે કાર્યસ્થળ પર આરોગ્ય અને સલામતિ અંગે આવશ્યક માહિતી, માર્ગદર્શન અને સલાહ પૂરી પાડવા તૈયાર કરાઈ છે.
સરકારને દરિયાપારના કામદારોના દુરુપયોગ અને શોષણની શકયતા અંગે ચિંતા છે. HSC અને HSE તમામ કામદારો માટે, તેમના રોજગાર કે દેશાગમનનો દરજ્જો ગમે તે હોય તો પણ આરોગ્ય અને સલામતિ રક્ષણ સુધારવા વચનબદ્ધ છે.
આ વેબ પેજિસ, દરિયાપારથી આવેલા અને અહીં કામ કરતા લોકોનું આરોગ્ય અને સલામતિ કાયદો કેવી રીતે રક્ષણ કરે છે તે સમજાવવા ખાસ વિકસાવવામાં આવ્યાં છે. બ્રિટીશ આરોગ્ય અને સલામતી કાયદા અન્વયે નિયોકતા અને કામદારોની ભૂમિકા અને જવાબદારી અંગે આવશ્યક માર્ગદર્શન પણ પૂરું પાડે છે.
તમામ કામદારોને, તેઓ અહીં કામ કરવા હકદાર હોય કે ન હોય, બ્રિટીશ આરોગ્ય અને સલામતી કાયદા અન્વયે સમાન સ્તરનું રક્ષણ મળે છે. તે, નિયોકતાઓ, સ્વતંત્ર રોજગાર કરતા લોકો, રોજગાર, ધંધા (એજન્સીઓ અને ગેંગમાસ્ટરો સહિત) અને કર્મચારીઓને, તેઓ પૂરો સમય, પાર્ટ ટાઈમ કે હંગામી કોન્ટ્રાકટ પર કામ કરતા હોય, તેઓને લાગુ પડે છે – ઉદાહરણ તરીકે, 'એજન્સી' કામદારો.
આ વેબસાઈટ પરની માહિતી નિયોકતા અને કર્મચારીઓ બંનેને ઉપયોગી બનશે.
બ્રિટન બહારના કામદારોને તેઓ લેતાં હોય તે નોકરીઓમાં અપરિચિત જોખમો તથા તેમનાં મૂળ દેશ કરતાં ખૂબ અલગ પ્રકારના કામકાજ પર્યાવરણ અને કાર્યસ્થળની સંસ્કૃતિનો સામનો કરવો પડી શકે.
આરોગ્ય અને સલામતિ અંગે અધિકૃત માહિતી માટે, ખાસ માર્ગદર્શન અંગેના પાઠમાં સંબંધિત લિન્કને અનુસરો અને સંબંધિત કાનૂન જુઓ.
અમારા સંખ્યાબંધ પ્રકાશનોનું અંગ્રેજી સિવાયની ભાષાઓમાં ભાષાંતર કરવામાં આવ્યું છે. નીચેની લિન્ક પરથી આને ડાઉનલોડ કરી શકાશે.

- **અન્ય ભાષાઓમાં પ્રકાશનો**

HSE ની ઈન્ફોલાઈન, ઈન્ફોલાઈન સલાહકાર, કોલ કરનાર અને દુભાષિયા વચ્ચે જ્યાં કોલ કરનાર અંગ્રેજી ન બોલતા હોય તેવા ત્રિમાર્ગી વાતચીતની સગવડો ધરાવે છે. આ સગવડો 100 જેટલી ભાષાઓમાં ઉપલબ્ધ છે.

## કામદારો માટે સલાહ

- અહીં કાયદેસર કામ કરતા હોય કે ન કરતા હોય, તો પણ તમામ કામદારોને બ્રિટીશ આરોગ્ય અને સલામતી કાયદા હેઠળ સમાન રક્ષણ મળે છે.
- તમારા નિયોકતાએ તમારા આરોગ્ય, સલામતિ અને કલ્યાણનું રક્ષણ કરવાનું રહે છે.
- દરેકને તેમના આરોગ્ય અને સલામતિ અંગેના જોખમો યોગ્ય રીતે નિયંત્રિત હોય, તે સ્થળોએ કામ કરવાનો હક છે.
- તમને નોકરીએ રાખનાર વિષે જાણવાનો તમને હક છે. તમને જાણ ન હોય તો – પૂછો.
- કેટલીક વસ્તુઓ છે જે **તમારે** ગ્રેટ બ્રિટન આરોગ્ય અને સલામતિ કાયદા હેઠળ કરવાની રહે છે.

### *તમારા નિયોકતાએ શું કરવું જોઈશે*

**સામાન્ય**

- તમારા કામકાજ સાથે સંકળાયેલ તમારા આરોગ્ય અને સલામતી અંગેના કોઈપણ જોખમો તમને જણાવવાં.
- તેઓ પાસે નિયોકતાની જવાબદારી ફરજીયાત વીમો છે એમ દર્શાવતું પ્રમાણપત્ર બતાવવું.

**માહિતી અને તાલીમ**

- સલામત રીતે કામ કરવા તમને જરૂરી માહિતી, સૂચના અને તાલીમ આપવી અને ખાતરી કરવી કે તમે તે સમજ્યા છો – તે અંગ્રેજીમાં હોવી જરૂરી નથી.
- તમારા કાર્ય સ્થળે કોઈપણ સલામતી નિશાનીઓ તમે સમજી શકો છો તેની ખાતરી કરવી.
- ખાતરી કરો કે તમે અનુભવી સુપરવાઈઝર સાથે હંમેશા વાત કરી શકો છો અને તમે એકબીજાને સમજી શકો છો.

**સાધનસામગ્રી અને પોશાક**

- યોગ્ય તાલીમ ન આપવામાં આવે ત્યાં સુધી કોઈપણ યંત્રસામગ્રી હંકારવા કે સંચાલિત કરવાની તમને છૂટ ન આપવી.

- તમારે ઉપયોગ કરવો જરૂરી હોય તે કોઈપણ સાધન યોગ્ય છે અને તેની યોગ્ય સંભાળ રાખવામાં આવી છે તેની ખાતરી કરવી.
- જરૂરી હોય, તો યોગ્ય રક્ષણાત્મક સાધનસામગ્રી કે પોશાક તમને (વિના મૂલ્યે) આપવાં, જે તમારે બહાર કામ કરવાનું હોય તો હુંફાળા અને/અથવા વોટરપ્રુફ હોવા જોઇએ.

**તમારું કલ્યાણ**

- ખાતરી કરો કે તમે વાપરી શકો તેવા યોગ્ય શૌચાલય અને ધોવાની સવલતો તથા ચોખ્ખું પીવાનું પાણી છે.
- ખાતરી કરો કે તમને સંકટકાલિક પ્રાથમિક સહાય મળી શકશે.
- કોઈપણ ઈજા, માંદગી કે જોખમી બનાવોનો રેકોર્ડ રાખો અને તેની આરોગ્ય અને સલામતી વહીવટકર્તા (HSE) ને જાણ કરો.

**સ્ત્રીઓ અને યુવાનો**

- પ્રજનનક્ષમ વયની સ્ત્રીઓ, ખાસ કરીને તેઓ સગર્ભા કે સ્તનપાન કરાવતી હોય તેઓને માટે કોઈપણ જોખમો અંગે વિચારવું.
- 18 વર્ષથી નીચેના કામદારોની જરૂરીયાતો વિચારવી.

## કર્મચારી તરીકે તમારે શું કરવું જોઈશે

- ખાતરી કરો કે સ્થળ પર તમે જે કરો છો તે તમને કે બીજા લોકોને જોખમમાં ન મૂકે.
- કાર્યના સ્થળે આરોગ્ય અને સલામતી જોખમો ઘટાડવા તમારા નિયોકતાને મદદ કરો.
- તમને તાલીમ અપાઈ હોય તે રીતે કામકાજની કોઈપણ કાર્ય સાધનનો ઉપયોગ કરવો.
- તમારા આરોગ્ય અને સલામતી માટે પૂરા પાડવામાં આવતી કોઇ પણ સામગ્રીનો યોગ્ય ઉપયોગ કરવો.
- તમે સગર્ભા હોવ, સ્તનપાન કરાવતા હોય અથવા છેલ્લા છ મહિનામાં બાળકને જન્મ આપ્યો હોય તો તમારા નિયોકતાને (લેખિતમાં) જાણ કરવી.

**તમારા આરોગ્ય અને સલામતી અંગે તમને ચિંતા હોય તો શું કરવું?**

- તમારા નિયોકતા, મેનેજર કે સુપરવાઈઝર સાથે વાત કરો.
- તમારા સલામતી પ્રતિનિધિ હોય તો તેમની સાથે વાત કરો.
- તમને હજુ લાગતું હોય કે તમે અથવા બીજા કામદારો જોખમમાં છે, તો 0845 345 0055 પર HSE ની ઈન્ફોલાઇનનો સંપર્ક કરવો. તમે HSE ને ગુપ્તપણે અને તમારું નામ જણાવ્યા વિના વાત કરી શકો છો.

બ્રિટીશ કાયદા અન્વયે, તમને બીજા મૂળભૂત અધિકારો છે, જેમ કે કેટલો સમય કામ કરવું તે અંગેની મર્યાદા, રજાનો સમય, વિરામ અને પગાર સાથે વાર્ષિક રજા.

- **'કામદારો માટે ઉપયોગી સંપર્કો' જુઓ**

HSE એ દરિયાપારના કામદારોને લક્ષમાં રાખીને પોકેટ કાર્ડ બનાવ્યુ છે:

**'દરિયાપારથી આવીને યુ.કે.માં કામ કરો છો? કૃષિ અને આહાર પ્રક્રિયાના કામમાં તમારી આરોગ્ય અને સલામતી'. (INDG410) [100KB]**

**http://www.hse.gov.uk/agriculture/overseas.htm**

આ યુ.કે. આરોગ્ય અને સલામતી કાયદા અન્વયે તમારા હકો અને જવાબદારીઓ અંગે મૂળભૂત અને આવશ્યક માહિતી આપે છે – માત્ર કૃષિ અને આહાર પ્રક્રિયા નહીં, પરંતુ તમામ ઉદ્યોગોને આ માહિતી લાગુ પડે છે. તેનું અનેક જુદી જુદી ભાષામાં ભાષાંતર કરવામાં આવ્યું છે.

HSE ની ઈન્ફોલાઈન (ટેલિ: 0845 345 0055) આરોગ્ય અને સલામતિ અંગે મદદ અને સલાહ પ્રસ્તુત કરે છે. તેઓ ઈન્ફોલાઈન સલાહકાર, કોલ કરનાર અને દુભાષિયા વચ્ચે જ્યાં કોલ કરનાર અંગ્રેજી ન બોલતા હોય તેવા ત્રિમાર્ગી વાતચીતને સેટ કરી શકે છે. આ સગવડો 100 જેટલી ભાષાઓમાં ઉપલબ્ધ છે. અમારા સંખ્યાબંધ પ્રકાશનોનું અંગ્રેજી સિવાયની ભાષાઓમાં ભાષાંતર કરવામાં આવ્યું છે. નીચેની લિન્ક પરથી આને ડાઉનલોડ કરી શકાશે.

- **અન્ય ભાષાઓમાં પ્રકાશનો**

# કામદારો માટે વધુ મદદ

દરિયાપારના કામદારો પૂરા પાડનાર રોજગાર સંસ્થાઓ કે રોજગાર સેવાઓ સાથે કઈપણ કરવા બાબત (આરોગ્ય અને સલામતી સિવાય બીજું) તમને ચિંતા હોય તો રોજગાર સંસ્થા ધોરણો નિરીક્ષણ તંત્ર હેલ્પલાઈનનો સંપર્ક કરો (ટેલિ: 0845 9555 105).

તમે કૃષિ, કૃષિ પેદાશ પ્રક્રિયા કે સેલફિશ ઉછેર ક્ષેત્રોમાં કામ કરતા હોય અને કોઈપણ વસ્તુ અંગે ચિંતા (આરોગ્ય અને સલામતી સહિત) હોય, અથવા તમને લાગતું હોય કે તમારા નિયોક્તા Gangmasters Licensing Act 2004 હેઠળ ચાલુ, કાયદેસર લાઈસન્સ ધરાવતા નથી, તો Gangmasters Licensing Authority (ગેંગસ્ટર લાઈસન્સિંગ સત્તાતંત્ર) નો સંપર્ક કરો (ટેલિ: 0845 602 5020).
દરિયાપારના કામદારોને પૂરાં પાડેલ ભાડાના નિવાસો અંગે તમને ચિંતા હોય તો તમારી સ્થાનિક કાઉન્સિલના આવાસન ખાતાનો સંપર્ક કરવો.
કાર્ય પરમિટ ગોઠવણોના દુરુપયોગ અંગે તમે જાણ કરવા માગતા હોય, તો બોર્ડર અને ઈમિગ્રેશન એજન્સીને, નીચેના સરનામે લેખિતમાં સંપર્ક કરો: શેફિલ્ડ ઇન્ટેલિજન્સ યુનિટ, બોર્ડર અને ઈમિગ્રેશન એજન્સી, પીઓ બોક્સ 3468, શેફિલ્ડ S3 8WA (અથવા workabuse@homeoffice.gsi.gov.uk પર ઈમેલ). વૈકલ્પિક રીતે તમે યુનિટને 0114 279 3480 પર કોલ કરી શકો છો.
બ્રિટીશ કાયદા અન્વયે, તમારે કેટલો સમય કામ કરવો તેની મર્યાદા, રજાનો સમય, વિરામ તથા પગાર સાથે વાર્ષિક રજા જેવા અન્ય મૂળભૂત અધિકારો તમે ધરાવો છો.
કામકાજના તમારા નિયમો અને શરતો અંગેની માહિતી માટે સંપર્ક કરો.

- સલાહ, સમજૂતિ અને લવાદી સેવા (ACAS) રાષ્ટ્રીય હેલ્પ લાઈન 08457 474747 અથવા તેમની વેબસાઈટનો ઉપયોગ કરીને, ઈમેઈલ કરો: www.acas.org.uk
- તમારું સ્થાનિક નાગરિક સલાહ કાર્યાલય (ટેલિફોન નિર્દેશિકામાં જુઓ);
- મજૂર સંઘ મુવમેન્ટ, 0870 600 4882 પર TUC ના તમારા હકો જાણો હેલ્પલાઈનને ફોન કરો;
- 0845 6000 678 પર રાષ્ટ્રીય ન્યૂનતમ વેતન ખાનગી હેલ્પલાઈન.

ધંધાકીય સાહસ અને નિયંત્રક સુધારા (BERR) માટેના ખાતાએ પણ 'યુ.કે.માં કામકાજ: તમારા હકો વિષે જાણો અને કયાંથી મદદ અને સલાહ મેળવવી' માં વેતન અને રજાના હકો અંગે વધુ માર્ગદર્શન પણ આપ્યું છે.
વધુ માહિતી માટે ઉપયોગી સંપર્કો જુઓ.

## કામદારો માટે ઉપયોગી સંપર્કો

- **The National Association of Citizens Advice Bureaux (નાગરિક સલાહ કાર્યાલયનું રાષ્ટ્રીય એસોસિએશન)**
  સ્થાનિક શાખાઓ (અથવા કાર્યાલય) ગ્રામીણ વિસ્તારોમાં સ્થળાંતરિત કામદારોને સહાય કરવા પહેલ માટે સલાહ અને માર્ગદર્શન આપી શકે છે.
- **HSE ના કામદારોના વેબ પેજિસ**
  ગ્રેટ બ્રિટનમાં કામદાર તરીકે તમારા હકો અને જવાબદારીઓ અંગે સલાહ આપે છે.
- **વસવાટ માટે Border and Immigration Agency' (બોર્ડર અને દેશાગમન એજન્સી)ની જરૂરિયાતો**
  આ વેબસાઈટ, તમને દેશાગમન સિસ્ટમ તથા તમે અરજી કરો ત્યારે તમારા હકો અને જવાબદારીઓ કઇ છે તે સમજવામાં તમને મદદ કરશે.

**ધંધાકીય સાહસ અને નિયંત્રક સુધારા અંગેનું ખાતું (Department for Business Enterprise and Regulatory Reform (BERR))**
કામકાજનો સમય અને વાર્ષિક રજા અધિકારિકતા સહિત રોજગારીની વ્યાપક શ્રેણીની બાબતો અંગે નિયોકતાઓ અને કર્મચારીઓને માર્ગદર્શન આપે છે. BERR એ મૂળભૂત, એક પાનાની, 'યુ.કે.માં કામકાજ: તમારા હકો વિષે જાણો અને કયાંથી મદદ અને સલાહ મેળવવી' પત્રિકા બલ્ગેરિયન, અંગ્રેજી, લેટવિયન, લિથુઆનિયન, પોલિશ, રોમાનિયન તથા સ્લોવેકિયનમાં ઉપલબ્ધ છે. (ફોન નં. 020 7215 5000)

- **Advisory, Conciliation and Arbitration Service (acas) (સલાહકાર, સમજૂતિ અને લવાદ સેવા (acas))**
  રોજગાર સંબંધો અંગે સ્વતંત્ર, અદ્યતન સલાહ અને માર્ગદર્શન આપે છો. (ટેલિ: 08457 47 47 47)

- **Gangmasters Licensing Authority (GLA) (ગેંગમાસ્ટર્સ લાઈસન્સિંગ ઓથોરિટી)**
  કૃષિ, બાગાયત, શેલફિશ ભેગી કરવી તથા સંકલિત પ્રક્રિયા અને પેકેજિંગ ઉદ્યોગોના કામદારોનું શોષણ ડામવા સ્થાપના કરવામાં આવેલ તંત્ર. (ટેલિ: 0845 602 5020).
- **Directgov**
  સરકારી ખાતાઓની બહોળી શ્રેણી સુધીની પહોંચ અને તેમાંથી માહિતી.

- **Trades Union Congress (ટ્રેડસ યુનિયન કોંગ્રેસ)** (TUC)
  બ્રિટનમાં કામ કરતા લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. TUC એ સલામતી પત્રિકા, "તમારુ આરોગ્ય, તમારી સલામતીઃ કામદારો અંગેની માર્ગદર્શિકા" પ્રકાશિત કરી છે. તેમાં કામકાજમાં સલામતીના હકો અંગેની માહિતી આપી છે, જેનું 19 જુદી જુદી ભાષામાં ભાષાંતર કર્યું છે. TUC એ, યુરોપિય સંઘના આઠ નવા સભ્ય દેશોમાંથી યુ.કે.માં કામ માટે આવતાં લોકો માટે પણ પત્રિકા તૈયાર કરી છે. પત્રિકા "યુ.કે. માં કામ કરવું: તમારા હકો" તમે અહીં કામ કરતા હોવ ત્યારે તમારા કાનૂની હકો વિષેની માહિતી આપે છે (ટેલિ: 0870 600 4882).
- **Trades Union Congress (ટ્રેડસ યુનિયન કોંગ્રેસ) - યુ.કે.માં વધતી સંખ્યાના પોલિશ કામદારોને સહાય કરવા પોલિશ ભાષામાં વેબસાઈટ.**
  સિટિઝન્સ એડવાઈઝ એન્ડ સોલિડરનોઝ (Solidarnosc) સાથેની ભાગીદારીમાં TUC દ્વારા સંચાલિત, તે કામકાજના સ્થળે કામદારો અપેક્ષા રાખી શકે તે હકો વિષે, તેમજ આરોગ્ય અને સલામતી, કામકાજનો સમય, રજા અધિકારીતા અને માંદગીના પગાર સહિતની બાબતો સમજાવે છે. તેમાં આવાસન અને આરોગ્ય જેવા સામાજિક પ્રશ્નો અંગેની માહિતી તથા યુ.કે.માં રહેવું અને કામ કરવું એ ખરેખર કેવું છે તે અંગે માર્ગદર્શન પણ છે.
- **Department for Children, Schools and Families (DCSF) (બાળકો, શાળાઓ અને પરિવારો માટેનું ખાતું)**
  ESOL જોગવાઈ પર ઉપાડ કરવા નિયોકતાઓ માટે ઉપલબ્ધ ફંડ અંગે માહિતી (જ્યાં કામદારોને વાર્ષિક £15k કરતાં ઓછી આવક હોય).
- **યુ.કે. આવક વેરા સલાહ**
  યુ.કે. વેરા અંગે બહુભાષી માહિતી પત્રિકા.
- **Worker Registration Scheme (કામદાર નોંધણી યોજના)**
  1લી મે 2004થી યુ.કે.માં નિયોકતા માટે એક મહિના કરતાં વધુ સમય કામ કરવાની ઈચ્છા રાખતાં નવા સભ્ય રાજ્યો (સાઈપ્રસ અને માલ્ટા સિવાય)ના મોટાભાગના લોકોએ કામદાર નોંધણી યોજના હેઠળ નોંધણી કરાવવી જરૂરી છે.
- **The Migrants Integrated Gateway™ (સ્થળાંતરિત લોકોનો સમન્વિત ગેટવે)**
  વિકાસ પામી રહેલ યુ.કે.માં રહેવા અને કામ કરવા માંગતા લોકોને માહિતી, સલાહ અને માર્ગદર્શન આપવા દ્વિ-માર્ગી ગેટવે.
- **Construction Skills (રચનાત્મક કૌશલ્ય)**
  સ્થળાંતરિત કામદારોના અસરકારક એકીકરણને સહાય કરવી. રચનાત્મક કૌશલ્ય પ્રમાણન યોજના (CSCS) કાર્ડસ કેવી રીતે ઉપયોગી બની શકે તેની વિગતો પૂરી પાડે છે.
- **દક્ષિણ લિંકનશાયરમાં કામ કરવું**
  પૂર્વ ઈંગ્લેન્ડમાં સ્થળાંતરિત કામદારો માટે સલાહ અને માર્ગદર્શન.
- **Cornwall Strategic Partnership's Migrant Worker Task Group (કોર્નવોલ વ્યૂહાત્મક ભાગીદારીનું સ્થળાંતરિત કામદાર કાર્ય-જૂથ)**
  આ કાર્ય જૂથ, સ્થળાંતરિત કામદારોની સાથે સંકળાયેલા પ્રશ્નો અને તકો શોધી કાઢવા બનાવવામાં આવ્યું હતું.

## વારંવાર પૂછાતા પ્રશ્નો

- બ્રિટનમાં કામ કરવા શું મારે અંગ્રેજી બોલવું કે વાંચવું જરૂરી છે?
- શું મને ભાષાના પ્રશ્નો વિષે મદદ મળી શકશે?
- કામકાજના સ્થળે મારા પગાર/કલાકો/શરતો અંગે મને પ્રશ્નો હોય તો શું કરવું?
- શું મારા નિયોકતા આવાસન કે વ્યકિતગત રક્ષાત્મક સાધનસામગ્રી (PPE) માટે મને ચાર્જ કરી શકે?
- હું HSE ને કેવી રીતે ફરિયાદ કરું અને તેમ કરું તો મારી નોકરી જોખમમાં મૂકાશે?
- કામ પરના જોખમો અંગે શું મને મારા નિયોકતા તરફથી આરોગ્ય અને સલામતી તાલીમ/માહિતી મળી શકશે?
- મને એજન્સી મારફત નોકરી મળી છે. શું તેઓ મારાં આરોગ્ય અને સલામતી માટે જવાબદાર છે?
- બ્રિટનમાં કામ કરું ત્યારે મારા વતનના દેશમાં મેળવેલ વ્યાવસાયિક લાયકાતો સહિત કોઈ પણ લાયકાત કે કૌશલ્યો શું હું તબદીલ કરી શકું કે ઉપયોગ કરી શકું?

### બ્રિટનમાં કામ કરવા શું મારે અંગ્રેજી બોલવું કે વાંચવું જરૂરી છે?

ના – પરંતુ તમારી આસપાસના બીજા લોકો વાપરતા હોય તેવા આરોગ્ય અને સલામતીને લગતા મહત્વના સરળ શબ્દો અને વાંકયાંશો સમજવા મદદરૂપ થશે, જેમ કે 'આગ!' અને 'થોભો!'.

આરોગ્ય અને સલામતી કાયદો, કામદારો અંગ્રેજી બોલી શકે તેવું સામાન્યરીતે જરૂરી ન ગણતાં હોવા છતાં, અંગ્રેજીનો અભ્યાસ વાતચીતની મૂશ્કેલીઓ ઓછી કરે છે, અને ઊંચી ઉત્પાદકતા તથા ટકાવ દરમાં અગ્રેસરતા તરફ લઇ જાય છે તેવું દર્શાવાયું છે, તેમજ બહારના કામમાં સમન્વયને પ્રોત્સાહન આપે છે.

## શું મને ભાષાના પ્રશ્નો વિષે મદદ મળી શકશે?

તમે તમારું અંગ્રેજી સુધારવા માગતા હોવ, તો English for Speakers of Other Languages (ESOL) (અન્ય ભાષા બોલનારાઓ માટે અંગ્રેજી) અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.
કામકાજના સ્થળે આરોગ્ય અને સલામતી સહિત તમને જરૂરી આવશ્યક અંગ્રેજી શીખવવા તૈયાર કરાયેલી લાયકાતો પણ ઉપલબ્ધ છે. તમારે અભ્યાસક્રમ પેટે કઇક ચૂકવવું પડી શકે છે, પરંતુ તમે અંગ્રેજી બોલી અને વાંચી/લખી શકો, તો તમને કામકાજના સ્થળે અને રોજ-બ-રોજની જિંદગી, બંનેમાં સલામત અને આરોગ્યપ્રદરીતે કામ કરવાનું કદાચ સરળ બનશે, તમે સામેલ થઇ શકશો અને તમે પ્રગતિ કરી શકશો.

- નાણાંવ્યવસ્થા અંગે વધુ માહિતી

(ટોચ પર જાઓ)

કામકાજના સ્થળે મારા પગાર/કલાકો/શરતો અંગે મને પ્રશ્નો હોય તો શું કરવું?

- પગાર-દરો અંગે પ્રશ્નો, જેમ કે રાષ્ટ્રીય ન્યૂનતમ વેતનના પ્રશ્નો
- કૃષિ ન્યૂનતમ વેતન અંગેના પ્રશ્નો
- કામના કલાકો અંગેના પ્રશ્નો

**(ટોચ પર જાઓ)**

## શું મારા નિયોકતા આવાસન કે વ્યકિતગત રક્ષાત્મક સાધનસામગ્રી (PPE) માટે મને ચાર્જ કરી શકે?

કામકાજ વખતે તમારા આરોગ્ય અને સલામતી માટે જરૂરી હોય તેવા કોઈપણ રક્ષાત્મક પોશાક માટે, તમે કામ શરૂ કરો ત્યારે તમારા નિયોકતા તમારી પાસેથી ચાર્જ લઈ શકશે નહીં કે રિફંડપાત્ર અનામત લઇ શકશે નહીં. આવાસન માટેના ચાર્જિસ રાષ્ટ્રીય અને કૃષિ ન્યૂનતમ વેતન વિનિયમો દ્વારા મર્યાદિત કરાયા છે.

- **PPE અંગે માહિતી**

(ટોચ પર જાઓ)

## હું HSE ને કેવી રીતે ફરિયાદ કરું અને તેમ કરું તો મારી નોકરી જોખમમાં મૂકાશે?

- **HSE નો સંપર્ક કરો.**

જ્યારે HSE ફરિયાદની તપાસ કરે છે, ત્યારે તે જેને ફરિયાદ કરી હોય તેની ઓળખ જાહેર કરતું નથી. જેને ફરિયાદ કરી હોય તે વ્યકિતની પરવાનગી વિના તે ફરિયાદ આપી હોવા અંગે નિયોકતાને જાણ કરશે નહીં.
(ટોચ પર જાઓ)

## કામ પરના જોખમો અંગે શું મને મારા નિયોકતા તરફથી આરોગ્ય અને સલામતી તાલીમ/માહિતી મળી શકશે?

હા - તમારા નિયોકતાની ફરજ છે કે તમારા આરોગ્ય અને સલામતી અંગેનાં જોખમો મુકરર કરી તેનું મૂલ્યાંકન કરે, અને પછી તમને તે અંગે કહે. તમે તમારુ કામ સલામત રીતે અને તમારા આરોગ્ય માટે કોઈ જોખમ વિના કરી શકો તે માટે તમને જરૂરી માહિતી, સૂચના અને તાલીમ પણ તમારા નિયોકતાએ પૂરી પાડવી જોઈએ.
(ટોચ પર જાઓ)

## મને એજન્સી મારફત નોકરી મળી છે. શું તેઓ મારાં આરોગ્ય અને સલામતી માટે જવાબદાર છે?

તમારા આરોગ્ય અને સલામતીની જવાબદારી કદાચ એજન્સી તથા તમે જેના માટે કામ કરતા હોય તે શ્રમ ઉપયોગ કર્તા વચ્ચે વહેંચાઈ જશે. ઘણા કેસોમાં, મોટાભાગની જવાબદારી - ખાસ કરીને શ્રમ વપરાશકર્તા તમારા કામનું નિયંત્રણ કરતા હોય અને આદેશ આપતાં હોય ત્યાં એજન્સીને બદલે વિશેષ શ્રમ ઉપયોગકર્તાની રહેશે. એજન્સી અને શ્રમ ઉપયોગકર્તા વચ્ચે કરાર થયેલો હોવો જોઇએ, જેમાં તમારા આરોગ્ય અને સલામતી સુનિશ્ચિત કરવા તેમની ચોક્કસ ભૂમિકા અને જવાબદારીઓ નક્કી કરી હોય.

### બ્રિટનમાં કામ કરું ત્યારે મારા વતનના દેશમાં મેળવેલ વ્યાવસાયિક લાયકાતો સહિત કોઈ પણ લાયકાત કે કૌશલ્યો શું હું તબદીલ કરી શકું કે ઉપયોગ કરી શકું?

સામાન્યરીતે, બ્રિટીશ આરોગ્ય અને સલામતી કાયદો દરિયાપારની લાયકાતો કે સામર્થ્યની કસોટીઓને સ્વીકારતો નથી. કારણ કે તમારા નિયોક્તા પાસે તમે જે કામ કરો તે કરવા માટે તમે સક્ષમ છો તેની ખાતરી કરવાની કાનૂની ફરજ છે, તમારે કદાચ કસોટીઓ આપવી પડે અને કદાચ તમે કામ કરતા હોવ ત્યાં ખાસ કૌશલ્યો જરૂરી હોય તો તે માટે તમને કદાચ નવેસરથી તાલીમ અપાશે (જેમ કે ફોર્ક લિફ્ટ ટ્રક, કે ચેઇનશોનો ઉપયોગ).

બાંધકામ ઉદ્યોગમાં, કામદારના કૌશલ્યની સાબિતી દર્શાવવાના ઉપાય તરીકે Construction Skills Certification Scheme (CSCS) (બાંધકામ કૌશલ્ય પ્રમાણન યોજના) કાર્ડ સ્વીકારાય છે. ઉદ્યોગમાં કૌશલ્ય અને તાલીમ પર દેખરેખ રાખવા જવાબદાર સંસ્થા કન્સ્ટ્રકશન સ્કીલ્સ છે.

(ટોચ પર જાઓ)